<u>ભિલોડાના મે. એડી ચીફ જયુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ભિલોડા</u>

**CC NO.429 -2026**

**EXI. 07**

ફરીયાદી : – શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– ગોવિંદભાઈ સ/ઓ નરેશભાઈ ખાતુભાઈ પાંડોર

મૂળ રહે.:– પાંચમહુડી, તા.ભીલોડા, જી.અરવલ્લી

હાલ રહે. રૂદરડી, શામળાજી, તા.ભિલોડા,જી.અરવલ્લી

**આરોપ :– બી.એન.એસ ની કલમ–૨૮૧ મુજબ**

<u>–:: ઠરાવ::–</u>

(૧) આ કામના આરોપી વિરુધ્ધ બી.એન.એસ. ની કલમ–૨૮૧ મુજબ અન્વયેના ગુન્હાનો આરોપ છે. તે ચાર્જશીટ મુજબ તે ગુન્હો વાંચી સંભળાવતા આરોપી સ્વૈચ્છાએ મજકુર ગુન્હાની કબુલાત કરે છે. જે અંગેની કબુલાત પુરસીસ રજુ કરેલ છે.જે આરોપીને વાંચી સંભળાવતા પુરસીસ સ્વૈછાએ સમજી, વિચારી કબુલાત કરેલ છે અને આરોપીની પ્લી લેતા તેઓએ ગુન્હાનો એકરાર કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય આ કામના

આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનુ છુ. આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, તેમા સજાનું પ્રમાણ, આરોપીની રજૂઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે **૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર**ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતુ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ::-**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ૨૭૫ મુજબ બી.એન.એસ.ની કલમ-૨૮૧ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૨૫૦/- (અંકે રૂપિયા બસો પચાસ પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ-૦૫(પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪મી માહે: માર્ચ સને: ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ. ભિલોડા.**
**તારીખ: ૧૪/૦૩/૨૦૨૬**

**(એમ.એ.મકરાણી)**
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
**UID CODE GJ01007**